# Virtual interaction between Minister of State for External Affairs & Dr. Lemogang Kwape, Minister of International Affairs and Cooperation, Botswana (June 17, 2021)

June 17, 2021

---

# રાજ્યકક્ષાના વિદેશમંત્રી અને બોત્સવાનાના આંતરરાષ્ટ્રીય બાબતો અને સહકાર મંત્રી ડો. લેમોગેંગ વાપે વચ્ચે વર્ચ્યુઅલ મંત્રણા (જૂન 17, 2021)

જૂન 17, 2021

રાજ્યકક્ષાના વિદેશમંત્રી શ્રી વી. મુરલીધરને આજે બોત્સવાનાના આંતરરાષ્ટ્રીય બાબતો અને સહકાર મંત્રી માનનીય ડો. લેમોગેન્ગ વાપે સાથે વર્ચ્યુઅલ બેઠક યોજી હતી. રાજ્યકક્ષાના મંત્રીએ નવેમ્બર 2018ની તેમની બોત્સવાના યાત્રાને પણ યાદ કરી હતી.

બંને મંત્રીઓએ પોતાની ચર્ચામાં ભારત-બોત્સવાના વચ્ચેના પરસ્પર લાભદાયક સંબંધોના તમામ પાસા પર ચર્ચા કરી હતી. ખાસ કરીને આરોગ્ય, વ્યાપાર, શિક્ષણ અને સંરક્ષણ ક્ષેત્રમાં દ્વિપક્ષીય સહકાર વિશે વાત કરી હતી. મંત્રી વાપેએ ભારત દ્વારા યુવા બોત્સવાનાવાસીઓને દર વર્ષે ક્ષમતા-નિર્માણ માટે જે સ્લોટ પૂરા પાડવામાં આવે છે તે માટે પોતાની સરકાર તરફથી ભારતની પ્રસંશા કરી હતી. તેમણે ઈ-વિદ્યાભારતી અને ઈ-આરોગ્ય ભારતી કાર્યક્રમ દ્વારા પ્રાપ્ત થતી ટેલિ-મેડિસિન અને ટેલિ-શિક્ષણની તકમાં પોતાનો રસ દર્શાવ્યો હતો.

બંને મંત્રીઓ વહેલી તકે ઉચ્ચ સ્તરીય મુલાકાતો શરૂ કરવા અને વ્યાપાર તથા બીજા પ્રતિનિધિઓ મોકલવા માટે સહમત થયા હતા.

**જૂન 17, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.